# દુઘરવાડા ચોકડી નજીક જીપ ડાલામાંથી આઠ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દારૂ અનેક વાર ઝડપી પાડયો છે ત્યારે અરવલ્લી જિલ્લા પોલિસ તંત્રની નબળી કામગીરી વારંવાર દેખાઈ રહી છે.



મંગળવારે સાંજના સમયે ગાંધીનગર આર.આર.સેલ દ્વારા મોડાસાના દુઘરવાડા ચોકડી નજીક રેલવે ફાટક પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરીને જતું બોલેરો પીકઅપ ડાલુ ઝડપી લઈ ૧૪૧ પેટીઓ વિદેશી દારૂ કિંમત રૂ. ૮ લાખ અને પીકઅપવાન સહિત રૂ. ૧૨ લાખનો મુદ્દામાલ સાથે બે બુટલેગરોને ઝડપી ટાઉન પોલિસને સુપ્રત કરતા મોડાસા ટાઉન પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

થર્ટી ફર્સ્ટ દિવસને ગણત્રીના કલાકો બાકી છે ત્યારે જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી પર પ્રાંતમાંથી વધવા પામી છે. ગાંધીનગર આર.આર. સેલે બાતમીના આધારે મોડાસાના દુઘરવાડા ચોકડી નજકથી રાજસ્થાન તરફથી આવી રહેલ બોલેરો પીકઅપવાન (ડાલુ) (ગાડી નં. જીજે ૨૩ વાય ૪૪૯૮)ને અટકાવી તલાશી હાથ ધરતાં પીક ડાલામાંથી ૧૪૧ વિદેશી દારૂની પેટીઓ કુલ નંગ ૪૩૯૨ કિંમત રૂ. ૮ લાખ તેમજ પીકઅપ વાન રૂ. ૪ લાખ મળી કુલ રૂ. ૧૨ લાખનો મુદ્દામાલ કબજે લઈ ગેરકાયદેસર હેરાફેરીમાં સંડોવાયેલા મોહનલાલ મીણા અને દિનેશ છગન ડાંગી (બંને રહે. ઉદેપુર-રાજસ્થાન)ને ઝડપી પાડી મોડાસા ટાઉન પોલીસને સોંપી દીધા હતા. મોડાસા ટાઉન પોલિસે પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા દુઘરવાડા ચોકડી નજીકથી આર.આર. સેલે ઝડપી પાડેલો વિદેશી દારૂ રૂ. ૮ લાખનો જથ્થો ખેડા જિલ્લાના લાડવેલ સુધી લઈ જવાનો હતો અને ત્યાંથી આગળ બુટલેગર દ્વારા ફોન પર જણાવેલ સરનામે પહોંચાડવાનો હોવાનું જાણવા મળ્યું હતું.

## તલોદની સી.ડી. પટેલ શાળાનું ગૌરવ

તલોદ, તા.૩૦

ઓકટોબર-૨૦૧૫માં લેવાયેલી સેમ-૩ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સી.ડી. પટેલ શાળા તલોદના પાંચ વિદ્યાર્થીઓએ તાલુકાના ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. તલોદ કેન્દ્રમાં પ્રથમ ત્રણ આવનાર એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ તમામ સી.ડી. પટેલ હાઈસ્કૂલના જ વિદ્યાર્થીઓ છે.

શાળાના વિદ્યાર્થી મિહિર પ્રજાપતિએ ૫૦૦માંથી ૪૬૭ ગુણ સાથે ૯૮.૯૩ પર્સન્ટાઈલ રેન્ક, વત્સલ મોદીએ ૫૦૦માંથી ૪૬૦ ગુણ સાથે ૯૮.૩૯ પર્સન્ટાઈલ રેન્ક, પ્રાપ્તી ચૌધરી ૫૦૦માંથી ૪૫૧ ગુણ સાથે ૯૭.૪૩ પર્સન્ટઈલ રેન્ક, દેવલ શાહ ૫૦૦માંથી ૪૪૯ ગુણ સાથે ૯૭.૨૧ પર્સન્ટાઈલ રેન્ક અને મમતા ભાનુશાળીએ ૫૦૦માંથી ૪૪૩ ગુણ સાથે ૯૬.૪૭ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યા હતા.

# ભિલોડા તાલુકાનાના વસાઈ ગામના ખેડૂતો નવતર પ્રયોગ

## સૌપ્રથમ વાર બટાકાના બિયારણની ભિલોડા તાલુકાના ખેડૂતે ખેતી શરૂ કરી

મોડાસા, તા.૩૦

ગુજરાતના ખેડૂતો ખેતી ક્ષેત્રે હમેશા પ્રગતિશીલ જ હોવાનું સર્વવિદિત છે ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વસાઈ ગામના એક ખેડૂતે બટાકાના બિયારણની ખેતીનો એક નવતર પ્રયોગ કરી જૈવિક ખેતી માટે રાજ્યના ખેડૂતોને એક નવી રાહ ચીંધી ખેતી ક્ષેત્રે એક નવી ક્રાંતિ નું સર્જન કર્યું છે

વીઓ ૧ - વસાઈ ગામે ૧૮ એકર જમીનમાં ખેડૂતે ગત વર્ષની જેમ આ વર્ષે પણ બીયારણ માટે સર્વશ્રેષ્ઠ બટાકાની ખેતી કરી છે એકરે ૪૭૫ મણનું ઉત્પાદન





આપતી આ ખેતી સમગ્ર જીલ્લા અને રાજ્યના બટાકાનું વાવેતર કરતા ખેડૂતો માટે લાભદાયી છે કારણ કે બટાકાની ખેતી માટે બિયારણ મોટા ભાગે રાજ્ય બહારથી પંજાબથી મંગાવું પડતું હોવાના લીધે સરવાળે મોગું પડતું હોય છે તેમજ આંતરરાજય પરિવહન થતા મોડું પણ પડતું હોવાથી ખેડૂતોને વાવેતર કરવામાં વિલંબ થતો હોય છે. આ તમામ સંજોગો વચ્ચે ગુજરાતમાં જ ખર્ચ પણ નહીવત પ્રમાણમાં થતો હોવાથી આ ખેતી માટે વધારાનો ખર્ચ ખેડૂતો ના માથે ન પડતા ખેડૂતોને આર્થિક રીતે પણ લાભદાયી બની રહે છે.

આ તમામ સંજોગો વચ્ચે બટાકાની સીડસ ખેતી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી છે નોન વન ફેબ્રિક નામનું કાપડ બટાકાના છોડ પર ઓઢાડી ડ્રીપ પદ્ધતિથી તેની ખેતી કરવાના આ પ્રયોગને સંપૂર્ણ સફળતા મળી છે ત્યારે છોડની અંદરનું તાપમાન જળવાઈ રહે તે માટે તદ્દન ઓટોમેટીક મીટર પણ લગાડવામાં આવ્યુ છે. છોડ પર વાતાવરણનો પ્રભાવ દેખાય કે તરત જ ડ્રીપ દ્વારા પાણીનો હળવો છંટકાવ શરુ થઈ જતા બટાકાની ખેતી માટે ભારે લાભદાયક છે સાથે સાથે આ પ્રકારની અન્ય જૈવિક ખેતી પણ કરવાની તમામ શક્યતાઓ વચ્ચે આ વર્ષ થી રાજ્ય સરકારે આ પ્રકારની ખેતી માટે સબસીડી પણ ચાલુ કરી છે જે ખેડૂતો માટે બેવડા લાભ સમાન બની રહેશે ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ વાર અરવલ્લી જીલ્લાના પ્રયોગશીલ ખેડૂતે બટાકા બિયારણની ખેતી તદ્દન વૈજ્ઞાનિક અને આધુનિક પદ્ધતિથી કરી રાજ્યના બટાકા વાવતા ખેડૂતો માટે પ્રમાણમાં સસ્તું બિયારણ પૂરું અડવાની એક નવી પહેલ કરી છે ત્યારે વધુમાં વધુ ખેડૂતો આ પ્રકારે ખેતી કરે તે રાજ્ય અને ખેડૂતોના હિતમાં રહેશે તેમાં કોઈ બે મત નથી.

# જીવણપુરા ગ્રામ પંચાયતમાં ગામધણી બનવા થનગની રહેલા મુરતીયા મૂંઝવણમાં

મોડાસા, તા.૩૦

મોડાસા તાલુકાના જીવણપુર ગામ પંચાયતમાં એક પણ અનુસૂચિક જનજાતિ મતદાર હોવા છતાં સરપંચ અને વોર્ડ માટેની બેઠક એસ.ટી. અનામત



ફાળવવામાં આવી છે જેને લઈને ગામલોકો આનો વિરોધ કરી રહ્યા છે. સાથે ગામધણી બનવા થનગની રહેલા મુરતીયાં મુઝવણમાં મુકાયા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસાના જીવણપુર ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાનાર છે. જો કે જાહેરનામુ બહાર પડતા જ ગામલોકો ચોંકી ઊઠ્યાછે. જીવણપુર ગ્રામ પંચાયતના સરપંચ માટેની સીટ અનુસૂચિત જનજાતિને ફળવાઈ છે ગામમાં અનુસૂચિત જનજાતિનો એક પણ મતદાર નથી જયારે વોર્ડ નં.૬ ની બેઠક પર એસ.ટી. અનામત ફળવાઈ છે જેથી ગ્રામજનો તંત્રની ગંભીર ભૂલને પગલે વિરોધ કરી રહ્યા છે. આ જીવણપુર ગામમાં અગાઉની વસ્તી ગણતરીમાં આ વિસ્તારના જે આદિવાસી ખેતમજૂરો તરીકે કામ કરતા હતા તેઓના નામ ઉમેરી લેવાયા હાત. જો કે હાલ એક પણ ખેતમજૂર અહીં નથી અને મતદાર યાદીમાં પણ એક પણ આદિવાસી મતદાર નથી તેમ છતાં સરપંચની સીટ અનુસૂચિત જનજાતિની આવતા ગામલોકો આનો વિરોધ કરી રહ્યા છે.

ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી માટે વોર્ડ રચના અને સરપંચ માટેની સીટોની રચના સાથે અનામત તથા એસ.ટી. વગેરે સીટોની ફાળવણી ૨૦૦૧ ની વસ્તી ગણતરીની મતદાર યાદી ઉપરથી નક્કી કરવામાં આવતી હોય છે. જેથી મોડાસા જીવણપુરમાં આ વખતે કાયદાની જોગવાઈ પ્રમાણે એસ.ટી. ઉમેદવારને ફાળવાઈ છે. પરંતુ હવે પછીની નવી વસ્તી ગણતરીમાં આ સમસ્યાનો અંત આવશે અને નવી યાદીમાં આ નામ નહીં આવે જેથી આ આદિજાતી અનામત સીટ દૂર થશે.

ડાસા તાલુકાની જીવણપુર ગ્રામ પંચાયતની આદિજાતી અનામત સરપંચ બેઠક સહિત એસ.ટી. સદસ્યની ખાલી બેઠક માટે જીવણપુર, કિશોરપુરા, બોલુન્દ્રા, બોડી, સબલપુર, સાયરા અને મોટી ઈસરોલ



પંચાયતોમાં પેટા ચુંટણી જાહેર થઈ હતી. પરંતુ આ પંચાયત વિસ્તારોમાં અનુસૂચિત આદિજાતી વસ્તી હાલ સ્થાઈ હોઈ છેલ્લા ૧૦ વર્ષોથી ખાલી રહેતી બેઠકો ઉપર આ વખતે પણ એક પણ ફોર્મ ભરાયું નથી જેથી આ તમામ બેઠકો ખાલી જ રહેશે. મોડાસાના જીવણપુરમાં ગામધણી બનવા થનગની રહેતા મુરતીયાંઓને હજુ થોડા દિવસ રાહ જોવી રહી.

## ખલવાડ પ્રાથમિક શાળા નંબર. ૨નું ગૌરવ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની ખલવાડ પ્રાથમીક શાળા નંબર.૨ નું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારેલ છે. અરવલ્લી જીલ્લા કક્ષાના રમતોત્સવમાં ખલવાડ પ્રાથમીક શાળા નંબર.૨માં ધોરણ.૬ અભ્યાસ કરતો વિદ્યાર્થી સતિષકુમાર કચરાભાઈ વણઝરએ ગોળાફેંક, ૧૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધારેલ છે. ભિલોડા બી.આર.સી.કો.ઓ. કે. એસ. પટેલ, લીલછા સી. આર. સી. કો.ઓ. એમ.એસ.પટેલ, આચાર્ય તેમજ સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીને બિરદાવ્યો હતો.

## ભિલોડા અક્ષર નર્સિંગ સ્કુલ એ.એન.એમ.નું ગૌરવ

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર નર્સિંગ સ્કુલ એ.એન.એમ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પંચાલ હિરલબેન મુકેશભાઈએ રાજ્ય સ્તરની લેવાયેલ પ્રથમ વર્ષની વાર્ષિક પરીક્ષામાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં ૭૬ ટકા મેળવી, પ્રિયંકાબેન માલવીયા કોલેજ કક્ષાએ દ્વિતીય, ગુલનાઝબાનુ મનસુરી કોલેજ કક્ષાએ તૃતીય નંબર મેળવી અક્ષર નર્સિંગ સ્કુલ એ.એન.એમ., આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસનું ગૌરવ છે.

## ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદીરમાં વાર્ષિકોત્સવની ઉજવણી

અરવલ્લી જીલ્લાના ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદીરમાં વાર્ષિકોત્સવની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી એ.પી.ઝાલા, દામુભાઈ પટેલ, માધુભાઈ પટેલ, રમણભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, મનોજભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, મુકેશભાઈ પટેલ, ભોગીલાલ પટેલ સહિત અગ્રણીઓએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીરનો સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદીર આચાર્ય રમણભાઈ પટેલએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતો.



## મોડાસાની બ્રધરહૂડ લાયબ્રેરીની નવી શાખા શરૂ કરાશે

૧૯મી સદીના મધ્યભાગમાં મોડાસામાં વિદ્યા વિનયોગ કેન્દ્રો પ્રવૃત્ત બન્યા હતા. અંગ્રેજ શાસન દરમિયાન તે સમયના મહાલકારી ડીકશન દ્વારા ૧૮૯૮માં શરૂ કરાયેલી ડીકશન લાયબ્રેરીને વર્ષ ૧૯૦૦માં બ્રધરહૂડ લાયબ્રેરી નામ અપાયું. સ્થાપનાના ૧૧૫ વર્ષ પુરા કરનાર જિલ્લાનું આદર્શ પુસ્તકાલય વાંચકોની વાંચન ભૂખ સંતોષવા ઓધારી બગીચા સ્થિત જનસેવા કેન્દ્રના પ્રથમ મજલે નવી શાખા શરૂ કરવાની તૈયારીઓ હાથ ધરાઈ છે. ટેકનોલોજીના યુગમાં પુસ્તકાલયો નામશેષ થવાની અણી ઉપર છે. ત્યારે ગૌરવરૂપ મોડાસાની બ્રધરહૂડ લાયબ્રેરી છેલ્લા ૧૧૫ વર્ષથી અવિરત ધમધમી રહી છે. સાબરકાંઠાના ગાંધી મથુરદાસ, શ્રેષ્ઠ નવલકથાકાર પન્નાલાલ પટેલ, કવિ ઉમાશંકર જોષી, બાળ સાહિત્યકાર રમણલાલ સોનીથી માંડી ડૉ. કેશુભાઈ દેસાઈ સુધીના ખ્યાતનામ સાહિત્યકારો, લેખકો અને કવિઓ લાયબ્રેરીના મહેમાન બની ચૂકયા છે. લાયબ્રેરીમાં આજે રૂ.૧૭.૪૩ લાખની કિંમતના ૩૬,૬૨૬ પુસ્તકો, ગ્રંથો અને ૧૦૨ જેટલા દૈનિકો, પાક્ષિકો અને માસિકો વાંચકોની વાંચન ભૂખ સંતોષી રહયા છે. સવાર-સાંજ લાયબ્રેરીમાંઆવતા ૧૫૦થી વધુ વાંચકોના કારણે જગાની સંકડાશ અનુભવાતા ટ્રસ્ટી મંડળ દ્વારા બ્રધરહૂડ લાયબ્રેરીની નવી શાખા માલપુર રોડ ઉપર શરૂ કરવા પ્રયાસો હાથ ધરાયા છે. સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ મોદી અને મંત્રી ડૉ.રાકેશ મહેતાના જણાવ્યા મુજબ, વધતા જતા વાંચક વર્ગની સગવડ સાચવવા નગરના ઓધારી બગીચા ખાતે આવેલા જનસેવા કેન્દ્રના પ્રથમ મજલે બ્રધરહૂડ લાયબ્રેરીની નવી શાખા શરૂ કરવા પાલિકા પાસે મંજૂરી માંગી છે. મંજૂરી મળેથી શાખા શરૂ કરાશે.

## મેઘરજના બહેડજ પાટિયા પાસે પોસ્ટ માસ્તરને લુંટવાનો પ્રયાસ

ઈસરી, તા.૩૦

મેઘરજના રહિશ યુસુફભાઈ અનવરભાઈ શેખ મેઘરજની પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર તરીકેની ફરજ બજાવે છે. યુસુફભાઈ મેઘરજ તાલુકાના બહેડજ તથા વાણીયાવાડા વિસ્તારમાં ટપાલી તરીકેની ફરજ બજાવે છે. મંગળવારે યુસુફભાઈ વાણીયાવાડાથી ટપાલનું કામ પતાવી ટપાલનો થેલો પોતાની બાઈક પર લઈને મેઘરજ આવવા નીકળ્યા હતા તેવા અરસામાં બપોરના ૩.૦૦ વાગ્યાના સમયે બહેડજ પાટિયા નજીક આવ્યા તે સમયે આ પાટીયા પાસે એક તવેરા ગાડી ઉભી હતી ત્યારે યુસુફભાઈની બાઈક આ તવેરા ગાડી પાસે આવતાં આ ગાડીમાં બેસેલા ચાર જેટલા ઈસમોએ યુસુફભાઈને રોકયા હતા અને બિભત્સ ગાળો બોલી ટપાલનો થેલો ઝુંટવવાનો પ્રયાસ કર્યો હતો પણ યુસુફભાઈએ થેલો ન આપતાં તેમને ગડદાપાટુ તથા હોકીથી માર માર શરીરે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી અને યુસુફભાઈએ ઝપાઝપી દરમિયાન બુમાબુમ કરતાં આજુબાજુના લોકો ઘટના સ્થળ પર દોડ આવતાં આ લુંટારૂઓ પોતાની ગાડીમાં બેસી પલાયન થઈ ગયા હતા જે અંગે યુસુફભાઈએ મેઘરજ પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરાવ્યો હતો અને પોલીસે આવા તત્વોને તાકિદે પકડવા પોતાના ચક્રો ગતિમાન કર્યા છે.

# શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીકથી ૩૪ ગાય-વાછરડા કતલખાને લઈ જતી ટ્રક ઝડપાઈ

## કસાઈ ફરાર : ૫.૬૮ લાખનો મુદ્દા માલ જપ્ત

શામળાજી, તા.૩૦

અરવલ્લી જિલ્લાની સરહદ રતનપુર ચેકપોસ્ટ ગેરકાયદેસર પ્રવૃતતિઓ આચરનાર અસામાજિક તત્ત્વો માટે ખુબ જ જાણીતા છે. રતનપુર ચેકપોસ્ટ પાસેથી શામળાજી પોલીસે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ, આર.ટી. ઉદાવત અને તેમના સ્ટાફ દ્વારા મંગળવારે આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપર નાકાબંધી ગોઠવી રાજસ્થાન ટ્રકની અંદર ઉપર-નીચે બે પાર્ટેશનમાં ઘાસ અને પાણી વગર અને પગ-મોઢાના ભાગ રસ્સીથી મુશ્કેરાટ હાલતમાં ૩૪ ગાય - વાછરડા મરણતોલ હાલતમાં મળી આવ્યા હતા. શામળાજી પોલીસે ટ્રક અને પશુધન સહિત



કતલખાને લઈ જવાતું ગૌ-વંશ બચાવી ટ્રક અને ગાય-વાછરડા સહિત કુલ ૫.૬૮ લાખનો મુદ્દા માલ ઝડપી પાડ્યો હતો. જયારે ગેરકાયદેસર હેરાફેરી સાથે સંકળાયેલો ટ્રક ડાઈવર પોલીસ નાકાબંધી જોઈ નાસી છૂટતા શામળાજી પોલીસે ૬૬ ગાય વાછરડાને ઈડર પાંજરાપોળ તરફથી આવતા વાહનોનું ચેકિંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી વગર પાસ પરમીટ ગેરકાયદેસર ૬૬ ગાય વાછરડા ભરેલા ટ્રકનો (ગાડી ન. આરજે.૨૭. જીએ.૧૫૭૩) ના ચાલક ઘટના સ્થળે ટ્રક મૂકીને નાસી છૂટ્યો હતો. શામળાજી પોલીસે ટ્રકની તાડપત્રી ખોલી તપાસ હાથ ધરતા ૫.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ પશુધનને ઈડર પાંજરાપોળમાં મોકલી આપવા આવ્યું હતું. પોલીસ નાસી છૂટેલા ટ્રક ચાલક સામે પશુ અત્યાચાર અધિનિયમત મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

# અરવલ્લી જિલ્લાના પેન્શનરોની કફોડી હાલત

મોડાસા, તા.૩૦

અરવલ્લીજિલ્લાના પેન્શનરોને જીપીએફ ખાતામાંથી બાકી ૧૦ ટકાની રકમ મેળવવા કચેરીઓના ધક્કા ખાવા પડી રહ્યાની પેન્શનરોમાં ફરિયાદ ઉઠી છે.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના નિવૃત્ત થતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક

કર્મચારીઓની તેમના જીપીએફ ખાતામાં સર્વિસ દરમિયાન જમા થયેલી રકમના ૯૦ ટકારકમ તરત ચુકવી આપવામાં આવી છે. પરંતુ બાકી ૧૦ ટકા રકમ માટે ધરમ ધક્કા ખાવાનો વારો આવી રહયો છે અને બાકી રહેલી ૧૦ ટકાની રકમ ઓડિટ દરમિયાન ચુકવી આપવામાં આવશે તેમ સરકારી બાબુઓ ફરમાવી રહયા છે.

વર્ષ ૨૦૧૧માં નિવૃત્ત થયેલા શીણાવાડ હાઈસ્કૂલના કલાર્ક રમણભાઈ શંકરભાઈ પટેલના જણાવ્યા મુજબ, નિવૃત્ત થયેલા કર્મચારીઓને હજુ પણ દસ ટકાની રકમ મળેલી નથી અને માટે કેટલાક કર્મચારીઓ દ્વારા સામુહિક રીતે મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં પણ અરજી ઓનલાઈન મોકલેલી હોવા છતાં કોઈ જવાબ મળતો નથી. પેન્શનરોના જણાવ્યા મુજબ નિવૃત્ત કર્મચારીઓ અશક્ત હોવા છતાં એલએફ કચેરી તથા ડીઈઓ કચેરીના ધરમધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે.



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રવિપુરાકંપાના જયંતીભાઈ પટેલના ખેતરમાં ભાગિયા તરીકે રહેતા સંતરાપુર બાજુના પરિવારની મહિલાને નીલગાયે અડફેટે લેતા ખેડૂતો અને ખેતમજૂરોમાં ભય ફેલાયો હતો. ચતુરીબેન કાંતિભાઈ નાયકા (ઉ.વ.૫૫ વર્ષ) બુધવારે સવારે ખેતરમાં કપાસ વીણતા હતા ત્યારે અચાનક કયાંકથી આવી ચડેલી નીલગાયે અડફેટે લેતાં મહિનાના શરીરે મૂઢ માર થતાં ગંભીર ઈજાઓ પહોંચતા આજુબાજુથી દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત મહિલા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી.